# ઈંગ્લીંશ ટીચીંગ સ્કુલ (ETS) નડીયાદના વિદ્યાર્થીઓની આણંદ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત

---

ઈંગ્લીંશ ટીચીંગ સ્કુલ (ETS) નડીયાદના ધોરણ-૭ નાં ૧૦૨ વિદ્યાર્થીઓએ તા.૧૦.૦૮.૨૦૨૪ને શનિવારના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત લીધેલ જેમાં સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવેલ. વધુમાં, વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના વિવિધ શૈક્ષણિક અભ્યાસક્રમોની કૃષિ ક્ષેત્રમાં ઉજ્જવળ તકો અંગે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવેલ જેથી આવનારા સમયમાં તેઓ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં ભાગ લઇ શકે. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક ખેતી નિદર્શન ફાર્મની મુલાકાત લીધેલ જેમાં ડૉ. વી. જે પટેલ, પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે માહિતી આપવામાં આવેલ. વિદ્યાર્થીઓએ આણંદ કૃષિ યુનિવર્સિટીની નર્સરીની પણ મુલાકાત લીધેલ. મુલાકાત દરમ્યાન ઈંગ્લીંશ ટીચીંગ સ્કુલ (ETS) નડીયાદના ૨ શિક્ષકો અને સુરેશભાઈ મહેરીયા, બ્લોક ટેકનોલોજી મેનેજર, આત્મા પ્રોજેકટ, ઉમરેઠ પણ હાજર રહેલ હતા.




